રજુ તારીખ	૨૬/૦૭/૨૦૨૨		
દાખલ તારીખ	૨૬/૦૭/૨૦૨૨		
નિકાલ તારીખ	૨૪/૦૩/૨૦૨૬		
અવધિ	વર્ષ	માસ	દિવસ

<u>રાણપુરના મહે.ફોજદારી ન્યાયાધીશ(પ્ર.વર્ગ), તાલુકો–રાણપુર, જીલ્લો–બોટાદના ન્યાયાલયમાં</u>

<u>શ્રી એચ. એચ.પટેલ–ફોજદારી ન્યાયાધીશ(પ્ર.વર્ગ)</u>

ફોજદારી કેસ નં.૮૬૮/૨૦૨૨

આંક:–

ફરીયાદી :– શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી :–(૧) પ્રભુભાઈ ફલજીભાઈ જેજરીયા, ઉ.વ.૪૫.

(૨) પ્રભાબેન વા/ઓ પ્રભુભાઈ જેજરીયા, ઉ.વ.૪૩.

બંને રહે.બરાનીયા, તા.રાણપુર, જી.બોટાદ.

<u>ગુન્હો :–ઈ. પી. કો. કલમ–૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબ....</u>

ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એ. એસ. રાઠોડ

આરોપી તરફે વિ.વ.શ્રી જે. જે. દલવાડી

// ચુકાદો //

૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે, ગઈ તા.૨૯/૩/૨૨ ના કલાક ૧૮/૦૦ વાગે મોજે બરાનીયા ગામે આ કામના ફરીયાદી તથા સાહેદના છોકરા તથા આરોપી નં.૧ ના તથા તેઓના ભાઈના છોકરાઓ રમતા રમતા બોલાચાલી કરતા હોય જેથી ફરીયાદીએ છોકરાઓને ઠપકો આપેલ જે આ આરોપીઓને ન ગમતા ફરીયાદીને બંને આરોપીએ જેમફાવે તેમ ભુંડાબોલી ગાળો આપી આરોપી નં.૧ નાએ ફરીયાદીને ફરશી વડે નાકના ભાગે ફેકચર તથા માથાના પાછળના ભાગે ઈજા કરી તથા આરોપી નં.૨ નાએ લાકડી વતી ફરીયાદી તથા સાહેદને આડેધડ માર મારી શરીરે મુંઢ ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામા એકબીજાની મદદગારી કરી મે.અધિક જીલ્લા મેજી.સા.શ્રી બોટાદના હથિયારબધી જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો. કલમ–૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો કર્યાની ફરિયાદ ફરિયાદીએ રાણપુર પો.સ્ટે.ફર્સ્ટ ગુ.ર.નં.I-201/2022 થી જાહેર કરેલ છે. જે ગુન્હો પોલીસે નોંધી તપાસના અંતે અદાલતમાં ચાર્જશીટ કરેલ છે.

૨) આ કામે આરોપીઓને સમન્સની ધોરણસરની બજવણી થતા તેઓ અદાલત સમક્ષ હાજર થતા તેમને કી.પ્રો.કોડની કલમ–૨૦૭ મુજબ વીના મુલ્યે પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. અને આંક–૪ થી તહોમતનામું ઘડી આરોપીઓની પ્લી આંક–૫ થી ૬ થી લગત રેકર્ડ કરવામાં આવેલ છે. આરોપીઓએ પોતાની પ્લી દરમ્યાન ગુન્હો કબુલ ન હોય કેસ આગળ ચલાવવા માંગતા હોવાનું જણાવેલ છે. આ કામે બચાવ પક્ષે વિ.વ.શ્રી હાજર થયા છે.

૩) ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચેની વિગતે પુરાવો રજુ કરેલ છે.

-: મૌખિક પુરાવો :-

ક્રમ	વિગત	આંક
૧	ફરીયાદી મહેશભાઈ સુરસંગભાઈ બગોદરીયાની જુબાની	૧૪
૨	સાહેદ રાહુલભાઈ રાયભણભાઈ બગોદરીયાની જુબાની	૨૧

-: દસ્તાવેજી પુરાવો :-

ક્રમ	વિગત	આંક
૧	ફરીયાદ	૧૫
૨	બનાવવાળી જગ્યાનુ પંચનામું	૨૨
૩	આરોપીઓનુ અટક પંચનામું	૨૩-૨૪
૪	એમ.એલ.સી. સર્ટી	૨૫-૨૮
૪	જાહેરનામું	૩૦
૫	કલોઝીંગ પુરશીશ	૩૧
૬	એફ. એસ. ન નોધવાની પુરશીશ	૩૨

૪) આ કામે બંને પક્ષકારોએ આંક-૧૯ થી સમાધાન પુરશીશ રજુ કરેલ છે જેમા બંને પક્ષકારોને સ્વેછિકતાની ખરાઈ કરી ઈ.પી.કો.કલમ-૩૨૫, ૩૨૩, ૫૦૪ પુરતો સમાધાન રેર્કોડેડ કરી આરોપીઓને ઈ.પી.કો.કલમ-૩૨૫, ૩૨૩, ૫૦૪ પુરતુ નિર્દોષ ઠરાવેલ અને ઈ. પી. કો. કલમ-૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ પુરતુ કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામા આવેલ છે. આમ ઉપરોકત વિગતે ફરીયાદપક્ષ ધ્વારા પોતાના કેસના સમર્થનમા સાક્ષીઓને તપાસવામાં આવેલા છે. ત્યારબાદ આ કામે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો પડતો ન હોવાથી આરોપીઓ દવારા આંક-૩૨ થી પુરશીશ આપી ક્રિ.પ્રો. કોડની કલમ-૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધાવવા માંગતાં ન હોવાથી આરોપીઓનુ ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

૫) ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૪ મુજબ ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી એ.એસ.રાઠોડ ની તથા બચાવપક્ષે તેમના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

૬) આ કેસના નિકાલ સારુ મારા મતે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

–:: **મુદ્દા** ::–

૧ શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા.૨૯/૩/૨૨ ના કલાક ૧૮/૦૦ વાગે મોજે બરાનીયા ગામે આ કામના ફરીયાદી તથા સાહેદના છોકરા તથા આરોપી નં.૧ ના તથા તેઓના ભાઈના છોકરાઓ રમતા રમતા બોલાચાલી કરતા હોય જેથી ફરીયાદીએ છોકરાઓને ઠપકો આપેલ જે આ આરોપીઓને ન ગમતા ફરીયાદીને બંને આરોપીએ જેમફાવે તેમ ભુંડાબોલી ગાળો આપી આરોપી નં.૧ નાએ ફરીયાદીને ફરશી વડે નાકના ભાગે ફેકચર તથા માથાના પાછળના ભાગે ઈજા કરી તથા આરોપી નં.ર નાએ લાકડી વતી ફરીયાદી તથા સાહેદને આડેધડ માર મારી શરીરે મુંઢ ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામા એકબીજાની મદદગારી કરી મે.અધિક જીલ્લા મેજી.સા.શ્રી બોટાદના હથિયારબધી જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો. કલમ–૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

૨ શું હુકમ ?

૭) મારા ઉપરોકત મુદ્દાના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ અનુસાર

૮) મારા ઉપરોકત મુદ્દાના નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.

–: નિર્ણય માટેના કારણો :–

મુદ્દા નં.૧ અને ૨.

૯) આ કામે બંને પક્ષકારો વચ્ચે સમાધાન થતા તેઓએ આંક–૧૯ થી સમાધાન પુરશીશ રજુ કરેલ છે જેના હેઠળ હુકમ કરી આરોપીઓને ઈ. પી. કો. કલમ–૩૨૫, ૩૨૩, ૫૦૪ પુરતુ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવેલ અને બીજા આક્ષેપો સમાધાનપાત્ર ન હોવાથી હાલનો કેસ આરોપીઓ સામે ઈ. પી. કો. કલમ–૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ આગળ ચલાવવામા આવે છે. જેથી ફરીયાદપક્ષે રજુ કરેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાથી આરોપીઓ સામે ઈ.પી.કો.કલમ–૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબની અગત્યની હકીકતો નિશાંકપણે શંકાથી પર પુરવાર કરવાની રહે છે. જેથી ઈ.પી.કો. કલમ–૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫ ની સંલગ્ન વ્યાખ્યાઓને ધ્યાને રાખવી અતી આવશ્યક અને જરૂરી જણાય આવે છે.

૯.૧) ઈ.પી.કો.કલમ ૫૦૬(૨)ના ગુન્હાને સમજવા માટે તેની વ્યાખ્યા ગુનાહીત ધમકી, ઈ.પી.કો.કલમ ૫૦૩ વંચાણે લેવી જરૂરી બને છે. "Criminal intimidation.—Whoever threatens another with any injury to his person, reputation or property, or to the person or reputation of any one in whom that person is interested, with intent to cause alarm to that person, or to cause that person to do any act which he is not legally bound to do, or to omit to do any act which that person is legally entitled to do, as the means of avoiding the execution of such threat, commits criminal intimidation.

ઈ.પી.કો.કલમ ૫૦૬(૨)ના ગુન્હાને સમજવા માટે તેની વ્યાખ્યા ગુનાહીત ધમકી, ઈ.પી.કો.કલમ ૫૦૩ વંચાણે લઈ સાથે ઈ.પી.કો.કલમ ૫૦૬(૨) ના કલોઝને વંચાણે લેવી જરૂરી બને છે.

"If threat be to cause death or grievous hurt, etc.- And if the threat be to cause death or grievous hurt, or to cause the destruction of any propertyby fire, or to cause an offence punishable with death or 2[imprisonment for life], or with imprisonment for a term which may extend to seven years, or to impute, unchastity to a woman, shall be punished with imprisonmentof either description for a term which may extend to seven years, or with fine, or with both.

આ કામે ફરીયાદપક્ષનો એવો કેસ છે કે મોજે બરાનીયા ગામે આ કામના ફરીયાદી તથા સાહેદના છોકરા તથા આરોપી નં.૧ ના તથા તેઓના ભાઈના છોકરાઓ રમતા રમતા બોલાચાલી કરતા હોય જેથી ફરીયાદીએ છોકરાઓને ઠપકો આપેલ જે આ આરોપીઓને ન ગમતા ફરીયાદીને બંને આરોપીએ જેમફાવે તેમ ભુંડાબોલી ગાળો આપી આરોપી નં.૧ નાએ ફરીયાદીને ફરશી વડે નાકના ભાગે ફેકચર તથા માથાના પાછળના ભાગે ઈજા કરી તથા આરોપી નં.ર નાએ લાકડી વતી ફરીયાદી તથા સાહેદને આડેઘડ માર મારી શરીરે મુંઢ ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપેલ અને તેના કારણે તેઓ સતત ભયના ઓથાર હેઠળ પોતાનુ જીવન નિર્વાહ વ્યતિત કરેલ અને આરોપીઓ પાસે પ્રતિબંધિત હથિયારો પણ પુરવાર કરવા પડે.

હવે શુ આરોપી દવારા કહેવાતુ કુત્ય ઉપરોકત ગુનાની વ્યાખ્યાના વ્યાપમાં આવે કે કેમ તે આ કામે રજુ રખાયેલ પુરાવાથી ચકાસવુ પડે.

ફરીયાદી મહેશભાઈને સોગંદ પર તપાસતાં તેઓ તેમના પુરાવામાં એવી હકીકત જણાવે છે કે, ફરીયાદી શરૂઆતમા પોતાની જુબાનીમા ફરીયાદ મુજબની હકીકત જણાવેલ છે બાદ આરોપીઓ અને ફરીયાદપક્ષ વચ્ચે સમાધાન થતા રીકોલ કરતા ફરીયાદી ઉલટ તપાસમા સ્વીકાર કરે છે કે આ કામના આરોપીઓ અમારા ગામના હોય અને પાડોશી હોય અને છોકરાઓ બાબતમા સામાન્ય બોલાચાલી થયેલી જેથી હાલ અમારે તથા આરોપીઓને ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે તેમજ અમો ગામમા એક સં પથી રહી શકીએ અને અમારા સબંધો સારી રીતે જળવાય રહે તે હેતુથી અમે સમાધાન કરેલ હોય અને આરોપીઓ સાથે અમારે કોઈ રાગદેષ નથી જેથી આરોપીઓને નિર્દોષ છોડી મુકવા અરજ છે. વધુમા સ્વીકાર કરે છે કે આરોપીઓ કોઈ હથિયાર વડે માર મારેલ નહી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નહી કે કોઈ ભુંડાબોલી ગાળો આપેલ નહી તથા આ કામના આરોપીઓ અમારા ગામના હોવાથી હુ તેમને ઓળખુ છુ તેમજ અમારે અને આરોપીઓને રાજીખુશીથી ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે અને હુ હનુમાનજીના મંદીરે ઓટે બેઠો હતો ત્યારે નીચે પડી જવાથી મને ઈજા થયેલી જેની મે સારવાર લીધેલી.

સાહેદ રાહુલભાઈને સોગંદ પર તપાસતાં તેઓ તેમના પુરાવામાં એવી હકીકત જણાવે છે કે, બનાવ આશરે ત્રણેક વર્ષ પહેલા હુ તથા આકાશ તળાવમા રમતા હતા તે દરમયાન પ્રભુભાઈ જેજરીયાના છોકરાઓ સાથે રમવા બાબતે સામાન્ય બોલાચાલી થયેલી જેથી મહેશભાઈ સુરસંગભાઈ બગોદરીયા કે જે આકાશના પિતાજી છે તેઓ અમોને આવીને ત્યાથી લઈ ગયેલા. આ સિવાય બીજુ કઈ બનેલુ નહી અને ઘણુ માણસો ભેગુ થઈ ગયેલુ. મારા કાકા મહેશભાઈએ ઉશકેરાટમાં આવી ફરીયાદ આપેલી. અમારે અને આ કામના આરોપી ઓ સાથે સમાધાન થઈ ગયેલુ છે અને અમારે આ કામે કોઈ વિશેષ સાક્ષીઓ તપાસવા માંગતા નથી. વધુમાં

તેઓએ ઉલટતપાસમાં સ્વીકાર કરેલ છે કે આરોપીએ અમોને કોઈ ગાળો આપેલ નથી કે હથિયારો વડે માર મારેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી તેમજ આરોપી મારા પાડોશી હોય હુ તેમને ઓળખુ છુ તેમજ ઘણુ માણસો ભેગુ થઈ જતા ધકકા મુકી થતા પડી જવાથી ઈજા થયેલી જેની મે સારવાર લીધેલી અને અમારે અને આ કામના આરોપીઓ વચ્ચે સમાધાન થઈ ગયેલ છે તેમજ પોલીસ ે મારુ માત્ર નામ સરનામુ જ પુછેલુ તે સિવાય બીજુ કાઈ પુછેલ નહી.

આમ, આ કામે ફરીયાદીના કેસને ફરીયાદી તેમજ સાહેદ ફરીયાદને બીલકુલ સમર્થન આપતા ન હોય તેમજ ફરીયાદી તથા સાહેદની જુબાની અને ફરીયાદનો ખુબ જ મોટો વિરોધાભાસ ઉત્પન્ન થાય છે.

ત્યારબાદ આરોપીના વિ.વ.શ્રીએ બનાવવાળી જગ્યાનુ પંચનામાને આંકે પાડવા સામે વાંધો ન હોવાની હકીકત જણાવતા સદરુ પંચનામાને આંક–૨૨ આપવામા આવેલ તેમજ આરોપીઓના અટક કર્યા અંગેનાં પંચનામાંને આંકે પાડવા સામે વાંધો ન હોવાની હકીકત આરોપીના વકીલશ્રી જણાવતા સદરુ પચનામાંને અનુક્રમે આંક–૨૩ અને ૨૪ આપવામા આવેલ. ત્યારબાદ આરોપીના વિ.વ.શ્રીએ મેડીકલ સર્ટીફીકેટોને આં કે પાડવા સામે વાંધો ન હોવાની હકીકત જણાવતા સદરુ મેડીકલ સર્ટીફીકેટો ને આંક– ૨૫ થી ૨૮ આપવામા આવેલ. આ કામે રજુ આ તમામ દસ્તાવેજો ફરીયાદપક્ષને કોઈપણ રીતે આરોપીઓને દોષી ઠરાવવા સારૂ મદદરૂપ થતા નથી. ત્યારબાદ ફરીયાદી તેમજ આરોપીઓએ આંક–૩૧ થી કલોઝીગ પુરશીશ તેમજ આરોપીએ આંક–૩૨ થી સી.આર.પી.સી. કલમ–૩૧૩ મુજબનુ આરોપીઓનુ વિશેષ નીવેદન નહી નોધવા અંગે પુરશીશો આપેલ.

હવે ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ તમામ મૌખિક પુરાવા જોઈને ફલિત થાય છે કે, ઈજા પામનાર, ભોગ બનનાર ફરીયાદી તથા સાહેદ પોતાના સોગંદ પરની

જુબાનીમાં _આરોપીઓએ જાનથી મારી નાંખીશ તેમ કહેલ હોવાની હકીકત જણાવેલ નથી અને એમ પણ જણાવેલ નથી કે, આવી ધમકીના કારણે તેઓ સતત ભયના ઓથાર હેઠળ પોતાનુ જીવન નિર્વાહ વ્યતિત કરેલ_. ઈ.પી.કો.કલમ–૫૦૬(૨) હેઠળ તકસીરવાન ઠરાવવા જેને ધમકી આપવામાં આવેલ હોય તેને વ્યાજબી ધાસતી હોવી જોઈએ પરંતુ આ કામે કોઈ ધમકી જ આપેલ ના હોય તો તેના કારણે ધાસતી રહેવાનુ કે પુરવાર કરવાનુ રહેતુ નથી. જેથી ફરીયાદપક્ષ આરોપીઓ સામે ઈ.પી.કોડની કલમ–૫૦૬(૨) મુજબના અગત્યના આક્ષેપો નિ:શંકપણે શંકાથી પર પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ છે.

૯.૨) વધુમાં આ કામમાં ફરીયાદપક્ષ દવારા આ કામના કોઈપણ આરોપીઓ સામેનો ઈ.પી.કો કલમ–૫૦૬(૨) મુજબનો મુળભુત ગુનો કર્યાની હકીકત જ નિ:શંકપણે પુરવાર કરાયેલ નથી. કયાં આરોપીઓએ કઈ રીતે એબેટમેન્ટ કર્યુ છે તેવુ રેકર્ડ ઉપરથી ફલિત થતુ નથી. જેથી ઉપરોકત સંજોગો માં ઈ.પી.કો. કલમ–૧૧૪ નુ એબેટમેન્ટ પુરવાર થઈ શકાય નહી.

૯.૩) વધુમાં આ કામે આરોપીઓ સામે જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાનું તહોમત મુકવામાં આવેલ છે.

''કલમ–૩૭, ૩૯ અથવા ૪૦ મુજબના નિયમોની કે હુકમના ભંગ માટે આ કલમ શિક્ષા ઠરાવે છે, હથિયાર ભેગા કરવા, બુમો પાડવી પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ કરવો, પુજા વ.ધાર્મિક ઉત્સવો સમયે વ્યવસ્થાના નિયમોનો ભંગ કરવો એ શિક્ષાપાત્ર છે જે કલમ ૩૭ મુજબના આદેશોનો ભંગ કરવો તેથી પોલીસ અધિકારનો ગુનો બને છે.''

આ કામે જાહેરનામાંને આરોપીના વિ.વ.શ્રીએ આંકે પાડવા સારૂ વાંધો ન હોવાનુ જણાવતા તેને આંક–૩૦ આપવામા આવેલ. ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાથી જાહેરનામાંની જાણ પ્રતિબંધિત વિસ્તારોમાં નગરાભેર બોલીને કે અન્ય કોઈ રીતે લોકોને જાણ કરેલ હોય તે સાબિત થતુ નથી તેમજ ફરીયાદપક્ષના સાહેદો એમ પણ જણાવતા નથી કે, કયા આરોપીના હાથમાં જાહેરનામાથી પ્રતિબંધિત કયા હથિયારો હતા. જેથી આ કામે આરોપીઓ પર જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના તથ્યો લાગુ પડતા નથી અને આરોપીઓ પર હાલના કામે જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો આક્ષેપ પુરવાર થતો નથી.

૯.૪) ફરીયાદપક્ષની જવાબદારી છે કે, તેમણે આરોપીઓ વિરુઘ્ધ મુકવામાં આવેલા આક્ષેપો સ્પષ્ટ રીતે અને આ અદાલત તેના ઉપર વિશ્વાસ કરી શકે તે રીતે પુરવાર કરવા જોઈએ, પણ આ કામે ફરીયાદપક્ષ તેમ કરવામાં સફળ રહેલ હોવાનું માની શકાય તેમ નથી. આમ સમગ્ર પુરાવો જોતા તે ખામીયુકત, તૃટી યુકત અને શંકા પ્રેરે તેવો છે જેથી આ અદાલત આવા પુરાવા ઉપર વિશ્વાસ કરી શકે તેમ નથી અને આવા સંજોગોમાં લાભ હંમેશા આરોપીપક્ષે જાય છે.

૯.૫) આમ, ફરીયાદપક્ષ આરોપીઓ સામે અગત્યાના આક્ષેપોની મુળભુત હકિકતો રેકર્ડ ઉપર લાવી શકેલા નથી તે સંજોગોમાં માત્ર દસ્તાવેજ પુરાવો ઘ્યાને લઈ આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ ઉપરોકત તમામ સંજોગો ઘ્યાને લ ેતા અને કરવામાં આવેલ સમગ્ર ચર્ચાનુંસાર ફરીયાદપક્ષ આરોપીઓ વિરુઘ્ધ મુકવામાં આવેલ આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરી શકેલા ન હોવાના કારણે મુદ્દા નંબર : (૧) નો જવાબ નકારમાં આપી મુદ્દા નંબર : (૨) અન્વયે છેવટનો હુકમ નીચેની વિગતે કરવો યથાયોગ્ય, વ્યાજબી અને ન્યાયોચીત જણાતું હોવાના કારણે નીચે મુજબ આખરી હુકમ કરવામા આવે છે.

<u>-: હુકમ :-</u>

(૧) આરોપી નં.(૧) પ્રભુભાઈ ફલજીભાઈ જેજરીયા, ઉ.વ.૪૫. (૨) પ્રભાબેન વા/ઓ પ્રભુભાઈ ફલજીભાઈ જેજરીયા, ઉ.વ.૪૩, બંને રહે.બરાનીયા, તા.રાણપુર, જી.બોટાદનાઓને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો.કલમ-૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

તમામ આરોપીઓને તા.૧૮/૦૩/૨૦૨૬ ના રોજ સમાધાન પુરશીશ નીચે હુકમ કરી ઈ.પી.કો.કલમ-૩૨૫, ૩૨૩, ૫૦૪ મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે.

(૨) આ કામે કબજે કરવામાં આવેલ મુદામાલ પાવતી મુજબના મુદ્દામાલ નો અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) એપેલેટ ઓથોરીટી સમક્ષ હાજર રહેવા માટે પ્રેત્યેક આરોપીઓ એ રૂ.૫૦૦૦/-ના સ્થાનિક તેમજ સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા સી.આર.પી.સી.ની કલમ:૪૩૭(એ) મુજબ અત્રેની કોર્ટમાં રજુ કરવા.

આ હુકમ આજ રોજ તા.૨૪ મી, માહે-માર્ચ, સને ૨૦૨૬ ના રોજ વાચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૪/૦૩/૨૦૨૬
સ્થળ : રાણપુર

[એચ. એચ. પટેલ]
જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટકલાસ
રાણપુર
Code-GJ01722